અપીલ અરજી નં.૩૦૩ તા.૨૩–૧૨ –૧૦
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૩–૧૧–૧૦ ની અરજીથી ગુજરાત હાઈકોર્ટની એસસીએ/૮૯૫૭/૨૦૧૦ એપ્લીકેશન ૦/૪૫૯૪૭/૨૦૧૦ ના ઓર્ડર મુજબ મનપા સુરતના કમિ.શ્રી ધ્વારા જવાબદારો સામે તથા કોર્ટના હુકમ મુજબ કઈ કઈ કાર્યવાહી કરી છે તેની સંપૂર્ણ માહિતી. (૨) શ્રી રામકૃષ્ણ પરમહંસ ચેરીટેબલ ટ્રસ્ટના તા.૧૬–૫–૦૮, તા.૨૪–૩–૦૮, તા.૨૨–૫–૦૯ ના પત્ર મુજબ સાઉથઝોન ઉધનામાં અધિકારી ધ્વારા કોઈ કાર્યવાહી થઈ ન હોય તો આ સાથે જોડેલા હાઈકોર્ટના ઓર્ડર મુજબ જવાબદારો સામે કાર્યવાહી થઈ શકે કેમ? થઈ શકે તો કયા પ્રકારની કાર્યવાહી થઈ શકે તેની માહિતીઆપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૩–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૩૦૩/૨૦૧૦–૧૧

શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૩–૧૧–૧૦ ની અરજીથી ગુજરાત હાઈકોર્ટની એસસીએ/૮૯૫૭/૨૦૧૦ એપ્લીકેશન ૦/૪૫૯૪૭/૨૦૧૦ ના ઓર્ડર મુજબ મનપા સુરતના કમિ.શ્રી ધ્વારા જવાબદારો સામે તથા કોર્ટના હુકમ મુજબ કઈ કઈ કાર્યવાહી કરી છે તેની સંપૂર્ણ માહિતી. (૨) શ્રી રામકૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટના તા.૧૬–૫–૦૮, તા.૨૪–૩–૦૮, તા.૨૨–૫–૦૯ ના પત્ર મુજબ સાઉથઝોન ઉધનામાં અધિકારી ધ્વારા કોઈ કાર્યવાહી થઈ ન હોય આ સાથે જોડેલા હાઈકોર્ટના ઓર્ડર મુજબ જવાબદારો સામે કાર્યવાહી થઈ શકે કેમ? થઈ શકે તો કયા પ્રકારની કાર્યવાહી થઈ શકે તેની માહિતી આપવા બાબતે કોઈ નિર્ણય ન મળેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા જણાવવામાં આવે છે. વધુમાં અરજદારે રજુ કરેલ ગુજરાત હાઈકોર્ટની એસસીએ/૮૯૫૭/૨૦૧૦ એપ્લીકેશન ૦/૪૫૯૪૭/૨૦૧૦ ના ઓર્ડરની નકલ મોકલી આપવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૨૯ તા.૪–૧–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૩–૧૧–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કાર્યપાલક ઈજનેરને તા.૩–૧૧–૧૦ ના રોજ ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ માહિતી નહીં મળતા અરજદારે તેમની તા.૩–૧૧–૧૦ ની અરજી મુજબ હાઈકોર્ટના હુકમ મુજબ કરેલ કાર્યવાહીની માહિતી તથા ટ્રસ્ટના લેટરપેડ મુજબની માહિતી આપવામાં આવેલ નથી તેવું જણાવી તા.૨૩–૧૨–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે અત્રેથી જાહેર માહિતી અધિકારીને પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૨૯ તા.૪–૧–૧૧ થી પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો કે માહિતીના ઈન્કાર અંગે અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પૂરી પાડેલ જણાતી નથી. બંને માંથી એક પણ પક્ષકાર ધ્વારા નિર્દિષ્ટ હાઈકોર્ટની પીટીશન કે હુકમની નકલ અપીલ તબકકે રજૂ થયેલ નથી પરંતુ અજદારે તેમની અગાઉની અરજીઓનો સંદર્ભ આપી નકલો રજૂ કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૧૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં બાબત હેઠળની હાઈકોર્ટની પીટીશન અને હુકમ થયેલ હોય તો તે અંગે દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી